# ❖ શણીયાર

ગુજરાત રાજયમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં મધ્યમ કાળી, છીછરી, પથરાળ અને ડુંગરાળ વિસ્તારની પડતર જમીનમાં કુદરતી ગૌચર વિસ્તારમાં વરસાદ ઉપર આધારીત બહુ વર્ષાયુ ઘાસ થાય છે. આવા ગૌચર વિસ્તાર પશુધનના ચરિયાણથી થતા નિભાવ માટે ઘણો અગત્યનો ભાગ ભજવે છે. પશુપાલન અને ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલ માલધારીઓ અને પશુપાલકો માટે પશુધનને નિભાવવા તથા દુધ અને તેનુ ઉત્પાદન વધારવા ઘાંસીયા ગૌચર વિસ્તારોની સુધારણા અનિવાર્ય બની રહે છે. કુદરતી ગૌચર વિસ્તારો હાલમાં ઘણાજ ઉતરી ગયેલા અને બહુવર્ષાયુ ઘાસને બદલે મૌસમી અને ઓછા પોષક તત્વોવાળા લાપડુ/ લાપડી, માખણી, વેકરીયુ જેવા ઘાસ અને કઠોળ થતા હોય છે. જયારે સારા ગૌચર વિસ્તારના સુધારણા અને વિકાસ માટે બહુવર્ષાયુ ઘાસ જેવા કે ધરફ, જીંજવો, અંજન, શણીયાર વગેરે ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે.

વરસાદ ઉપર આધારીત કુદરતી ગૌચર અથવા વીડી વિસ્તારમાં બહુવર્ષાયુ શણીયાર ઘાસની નીચે મુજબની વૈજ્ઞાનિક ખેતિ પધ્ધતિ અપનાવવાથી વધુ સારુ ઉત્પાદન મેળવી શકાય છે અને કુદરતી ગૌચર વિસ્તારની સુધારણા અને વિકાસ સારો થઈ શકે છે. શણીયાર ઘાસ બહુવર્ષાયુ જાતોમાં એક ઉતમ પ્રકારનું ઘાસ છે. જે એક થી દોઢ મીટર જેટલું ઉચુ થાય છે. તેના થુંબડા ૫૦ થી ૭૫ સે.મી. ઘેરાવાના થાય છે. આ ઘાસના પાન લાંબા, સાંકડા અને બરડ હોય છે. આ ઘાસમાં ૨૦૦ થી ૨૫૦ જેટલી દાંડીઓ (ટીલર) થાય છે. આ ઘાસમાં ૯૦% જેટલા નત્રીલ પદાર્થ અને ૫.૦% જેટલુ ક્રુડ પ્રોટીન હોય છે.




**સુધારેલી જાત :**

ગુજરાત શણીયાર–૧ તથા સ્થાનિક જાત

**ખેતિ પધ્ધતિ :**

**જમીનઃ**

આ ઘાસને ડુંગરાળ અને ઢાળવાળી જમીન જમીન માફક આવે છે. મોટે ભાગે પડતર અને પથરાળ જમીનમાં ઉગે છે. પાણી ભરાતુ હોય તેવા અને ભારે વરસાદ વાળા વિસ્તારમાં થતુ નથી. આ ઘાસ સામાન્ય રીતે ગૌચર જમીનમાં, શેઢા પાળા ઉપર કે અન્ય પડતર જમીનમાં બિનપિયત ઘાસ તરીકે લેવામાં આવે છે.

**જમીનની તૈયારીઃ**

પડતર જમીનને હળથી ખેડી, કરબની ખેડ કરી, સમાર મારીને ઢેફા ભાંગીને સરખી કરવી. પથરાળ જમીનમાં ઉપર ઉગેલ અન્ય ઘાસ દુર કરી જમીન તૈયાર કરવી.

**વાવણી :**

આ ઘાસનો ઉછેર બીજ, ધરુ અથવા મુળવાળા જડિયાથી થઈ શકે છે. બીજથી વાવણી કરવાની હોય ત્યારે ચોમાસા ઋતુમાં પ્રથમ વરસાદ બાદ ૪૫ સે.મી.ના અંતરે ચાસમાં ૪ થી ૫ કિલો/હેકટર બિયારણનો દર રાખી બીજને ભીની માટીમાં ભેળવીને બે છોડ વચ્ચે ૪૫ સે.મી. અંતર રહે તે રીતે હાથથી એક થાણા દીઠ ૫ થી ૬ બીજ થાણવા. ધરુ ઉછેરીને વાવેતર કરવું હોય અથવા જડિયાથી વાવેતર કરવું હોય ત્યારે બે ચાસ વચ્ચે ૪૫ સે.મી.નુ અંતર રાખી દરેક ચાસમાં બે છોડ વચ્ચે ૪૫ સે.મી.ના અંતરે કોદાળીથી ખાડા કરી ચોમાસુ ઋતુમાં પહેલો સારો વરસાદ થયા બાદ ચાલુ ઝરમર વરસાદ વખતે ધરુ અથવા જડિયાની રોપણી કરવી.

**ખાતરઃ**

આ ઘાસને હેકટર દીઠ ૪૦ કિલો નાઈટ્રોજન અને ૧૦ કિલો ફોસ્ફરસ ની જરૂરીયાત રહે છે. આ જથ્થા પૈકી ૨૦ કિલો નાઈટ્રોજન અને બધો જ ફોસ્ફરસ રોપણી વખતે આપવો. બાકી રહેતો ૨૦ કિલો નાઈટ્રોજન વાવણી બાદ ૨૫ દિવસે આપવો.

**પિયતઃ**

આ ઘાસ સામાન્ય રીતે બિનપિયત–વરસાદ આધારીત ઘાસ તરીકે લેવામાં આવે છે, તેમ છતાં ભેજની અછતના સમયે પિયતની સગવડતા હોય તો જરૂરીયાત મુજબ પિયત આપવું

**પાછલી માવજતઃ**

જરૂરીયાત મુજબ નિંદામણ અને આંતરખેડ કરવા.

**કાપણીઃ**

સુકુ ઘાસ મેળવવા માટે કાપણી ઓકટોબર માસમાં કરવામાં આવે છે, પરંતુ આ ઘાસને લીલા ચારા તરીકે ખવડાવવા પ્રથમ કાપણી વાવેતર બાદ ૪૫ દિવસે કરવી. કાપણી ૪૫ દિવસે કરવાથી બીજી કાપણીમા સુકાઘાસનું ઉત્પાદન પણ સારૂ મળે છે. ઘાસની કાપણી જમીનથી ૫ સે.મી. ઉંચાઈએથી કરવી.

**ઉત્પાદનઃ**

લીલાચારાનું ઉત્પાદન ૧૫૦ થી ૨૦૦ કિવન્ટલ/હેકટર અને સુકાચારાનું ઉત્પાદન ૩૦ થી ૪૦ કિવન્ટલ જેટલુ મળે છે.

**આંતરપાક અને પાક ફેરબદલીઃ**

આ ઘાસમાં આંતરપાક તરીકે મઠ અથવા ગુવારનું વાવેતર કરવાથી વધારાનું કઠોળ વર્ગનું સૂકુ ઘાસ મેળવી શકાય છે તેમજ જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે.